અપીલ અરજી નં.૩૫૬ તા.૧૬–૧–૧૦

અરજદારઃ શ્રી કમરૂ અબ્બાસ અલીમોહંમદ ઘીવાળા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમરૂ અબ્બાસ અલીમોહંમદ ઘીવાળાની તા.૨૭–૧૧–૦૯ ની અરજીથી૧૨/૧૩૫ર વાળી જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૬/૨૦૦૯–૧૦

શ્રી કમરૂ અલ્લાસ અલીમોહંમદ ઘીવાળાની તા.૨૭–૧૧–૦૯ ની અરજીથી૧૨/૧૩૫ર વાળી જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/આ.૧૩૧૦ તા.૨૨–૧૨–૦૯થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૦ તા.૨૮–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સ ેન્ટ્રલઝોન) ને તથા અરજદારને મુળ અરજીનીનકલ તથા ફી ભર્યાની વિગત તેમજકઈ માહિતી નહીં મળવા અંગે કે અપુરતી મળવા નારાજગી છે તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કચેરીને કોઈ માહિતી પુરી પાડેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૩–૨–૧૦ ના પત્રથી જાહેર માહિતી અધિકારીને તા.૧૧–૨–૦૮ ના રોજ લખેલ પત્રની નકલ, સે.ઝોન/આ.નં.૧૦૭૬ તા.૧૯–૩–૦૮ થી આપેલ માહિતીના પત્રની નકલ, ઝોનલ ઓફિસર સેન્ટ્રલ ઝોનને તા.૨૭–૧૧–૦૯ થી કરેલ અરજીની નકલ,સે.ઝોન/આ.નં.૩૭૨ તા.૨૬–૬–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ,સે.ઝોન/આ.નં.૯૨૫ તા.૭–૧૦–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ,સે.ઝોન/આ.નં.૧૩૧૦ તા.૨૨–૧૨–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, મે.કમિશ્નરશ્રીને લખેલ પત્રની નકલ,મે.કમિશ્નરશ્રીને તા.૨૨–૫–૦૮ ના રોજ લખેલ પત્રની નકલ, મે.કમિશ્નરશ્રીને તા.૬–૫–૦૯ ના રોજ લખેલ રીમાઈન્ડર પત્રની નકલ, દિવ્યભાસ્કર દૈનિકપત્રમાં આપેલ સમાચારના પત્રની નકલ, વિગેરે વિગત પુરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૨૭–૧૧–૦૯ ની અરજીથી સેન્ટ્રલઝોનમાં આવેલી ખુલ્લી જમીન ઉપર જો કોઈ વ્યકિત શહેરી વિકાસ ખાતામાં પ્લાન કે રજાચીઠ્ઠી વગર બાંધકામ કરે તો ગેરકાયદેસર બાંધકામ કરનાર વિરૂધ્ધ શું શું પગલા લે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે મહાનગરપાલિકામ બાંધકામનાં પ્લાન મંજુર કરાવ્યા સિવાય કે રજાચીઠ્ઠી મેળવ્યા વગર બાંધકામ કરવામાં આવે તો તેની વિરૂધ્ધ નોટીસો આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. સેન્ટ્રલઝોનમાં આવેલી ૧૨/૧૩૫ર માં આવેલી ખુલ્લી જમીન ઉપર તેના કર્તાહર્તા ધ્વારા પ્લાન કે રજાચીઠ્ઠી વગર બાંધકામ કરેલ છે .જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે અરજદારે જણાવેલ ગોર્ડ નં.૧૨ નોંધ નં. ૧૩૫ર વાળી જગ્યા પર ગેરકાયદેસર બાંધકામ થયેલ હોવાની કોઈ વિગત અત્રેના રેકર્ડ પર નથી. અરજદારે અપીલ અરજી માં માંગેલ માહિતીનો સંતોષકારક જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી અરજી કરેલ તથા તા.૩–૨–૧૦ ના પત્રથી ગેરકાયદેસર બાંધકામવાળી મિલ્કતનો રેકર્ડ રાખવા તથા ગેરકાયદેસર થયેલ બાંધકામ વિરૂધ્ધ શું કાર્યવાહી કરી તેની વિગતો રાખવા જણાવેલ. આમ અરજદારે મુળ અરજીથી ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધની કાર્યવાહીની માંગેલ વિગતો જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પડાયેલ જણાય છે. જયારે પ્રશ્ન હેઠળની અરજદારની પુરક વિગતો સાથે બીડેલ અરજીઓ ધ્વારા ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધ પગલાં લેવા જણાવેલ છે. જે કાર્યવાહીને સ્પર્શતી બાબત છે. જાહેર માહિતી અધિકારીએ આ અંગે દફતરે ઉપલબ્ધ માહિતી આપેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ છે. આથી અપીલ અરજી અંગે વધુમાં કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

કાર્યવાહી હાથ ધરવા બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમરૂ અબ્બાસ અલીમોંહમદ ઘીવાલા